| કડીના નામદાર જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. કડી. | |
|---|---|
| ફોજદારી કેસ નંબર :- | 353-20256 |
| આરોપીનું નામ :- | Thakor Vashiben W/O Dineshji @ Dinaji Mohanji |
| કલમ :- પ્રોહીબીશન એક્ટની કલમ -૬૫(એ)(એ) મુજબ.. | |

**આંક.૦૧ લગત હુકમ :-**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી વિરૂદ્ધ **પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(એ)** મુજબનો ગુન્હો નોંધેલ છે. આ કામમાં આરોપી હાજર થતા આ કામના આરોપી સામે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી લેતા આરોપીએ તેની સામેના ગુનાનો સ્વીકાર કરેલ છે અને કબુલાત પુરશીશ રજુ રાખેલ છે.

**૨.** આ કામે આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપી ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને તેમની આર્થીક પરિસ્થિતી નબળી છે. આરોપી સામે સામાન્ય ગુન્હાનો આક્ષેપ છે એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને કુટુંબની જવાબદારી તેમની ઉપર છે તેવી હકીકત જણાવીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આમ, આરોપી તેની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક સ્વીકાર કરે છે જેથી આરોપી સામેનો ગુન્હો હું સાબિત માનુ છું. આ કામમાં આરોપીની કબુલાત પુરશીશમાં જણાવેલ રજુઆતો ધ્યાને લેતાં તથા GLR 2005(1) Page No.709 પર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજય વિરૂદ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં આરોપીને કાયદામાં નિર્દીષ્ટ સજા કરતાં ઓછી સજા કરવા માટેના પુરતા કારણો જણાતા હોય, સદરહુ ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**૧.** આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ - ૨૬૪ મુજબ તેમની સામે આક્ષેપીત **પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(એ)** મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૨૦૦/- (અંકે રૂપીયા બસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેમને **દિન-૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે - માર્ચ, સને - ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**

**સ્થળ : કડી.** **(રાકેશ મગનલાલ ભાટીયા)**

**સ્પેશ્યલ સીટીંગ** **જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**કડી**

**(GJ-01708)**